જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૪/૨૦૧૭ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૮૧૮/૧૭

## - : દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

### લુંટના આરોપીને પાસા

આરોપી શહેજાદ ઉર્ફે કાલીયા સ/ઓ અબ્બાસખાન પઠાણ ઉવ.૨૪ રહે. ૨૨૧૭ ગુંદીવાડ આસ્ટોડીયા દરવાજા અમદાવાદ નાનો પોતે તથા પોતાના સાગરીતો પોતાની રીક્ષામા પેસેન્જર બેસાડી રીક્ષા અવાવરુ જગ્યાએ લઇ જઇ પેસેન્જરોને હથિયાર બતાવી ડરાવી પેસેન્જરોના માલસામાન તથા રોકડ તથા સોનાચાંદીના દાગીના લુંટો કરતો હોય તેની વિરુધ્ધમાં (૧) ગુજરાત યુનિ પો.સ્ટે. ફસ્ટ ગુ,ર.નં. ૭૨/૧૬ ઈપીકો કલમ ૩૯૨,૧૨૦(બી)૧૧૪, તથા જીપીએ ૧૩૫(૧) મુજબ તથા (૨) દાણીલીમડા પો.સ્ટે. ફસ્ટ ગુ,ર.નં. ૧૧૫/૧૬ ઈપીકો કલમ ૩૯૨,૩૮૫,૧૧૪ તથા જીપીએ ૧૩૫(૧)મુજબ તથા (૩) દાણીલીમડા પો.સ્ટે. ફસ્ટ ગુ,ર.નં. ૧૭/૧૭ ઈપીકો કલમ-૩૯૭,૩૯૨,૩૫૪(એ),૧૧૪તથા જીપીએ ૧૩૫(૧)મુજબ ના ગુનાઓ દાખલ થતા દાણીલીમડા પોલીસ સ્ટેશન પો.ઇન્સ આર.કે.અમીન સાહેબનાઓ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ પી.સી.બી/ડીટીએન/પાસા/૨૨૭/૧૭ તા.૦૬/૦૪/૨૦૧૭ થી સદરી ઇસમને પાસા અટકાયતમાં લેવા હુકમ કરતા સદર હુકમ આધારે સદરી ઇસમને પાસા હુકમની તા.૧૮/૦૪/૨૦૧૭ ના કલાક ૨૧/30 વાગે પો.ઇન્સ આર.કે.અમીન સાહેબ નાઓએ બજવણી કરી જાપ્તાના માણસો સાથે ભુજ જેલ મોકલી આપવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## વટવા પોલીસ સ્ટેશનઃ-

(૧) વટવા પોલીસ સ્ટેશન પ્રોહી.ગુ.ર.નં.-૫૨૩૨/૧૭ ધી પ્રોહી એકટની કલમ-૬૫ઇ, ૧૧૬(બી), ૮૧ મુજબના કામે હકિકત એવી છે કે, ગઇ કાલ તા.૧૮/૪/૧૭ સાંજના ૬/૦૦ વાગ્યાના અરસામાં અમો તથા સર્વેલન્સ સ્કવોર્ડના પો.કો દેવેન્દ્રસિંહ વેલુભા બ.નં-૨૩૧૫ તથા પો.કો ઉપેન્દ્રસિંહ દશરથસિંહ બ.નં-૨૦૭૩, પો.કો વિષ્ણુભાઇ બાબુભાઇ બ.નં-૨૫૫, પો.કો હિતેષભાઇ નાગજીભાઇ બ.નં-૦૪૬ તથા પો.કો વિનોદભાઇ સેંધાભાઇ બ.નં-૮૪૬૪ નાઓએ રીતેના પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા સાંજના ૬/૧૫ વાગે નારોલ સર્કલ ખાતે પહોંચતા સાથેના પો.કો ઉપેન્દ્રસિંહ દશરથસિંહ નાઓને બાતમી હકિક્ત મળેલ કે, એક સફેદ કલરની ડસ્ટન ફોર વ્હિલર ગાડી જેનો ટી.સી. નં-જી.જે.૧.ટી.સી-૦૭૨૩ નો છે તેનો ચાલક તેના કબજાની કારમાં કેટલોક ઇંગ્લીશ દારૂનો જથ્થો લઇ નારોલ સર્કલ થઇ શાસ્ત્રીબ્રીજ થઇ વિશાલા તરફ જવાનો છે તેવી હકિક્તની જાણ કરતાં રસ્તે જતા બે પંચના માણસોને બોલાવી પંચો તથા સ્ટાફના માણસોની સાથે ખાનગી ગાડીમાં ઉપરોકત ડસ્ટન ફોર વ્હિલ ગાડીની વોચમાં વિન્સમ હોટલ પાસે ઉભા રહેલા આ દરમ્યાન નારોલ સર્કલ તરફથી ઉપરોકત નંબર વર્ણનવાળી ગાડી આવતી જણાતા પંચોને દુરથી ઓળખી બતાવી ગાડી નજીક આવતા તથા સ્ટાફના માણસોએ ગાડીને રોકવાનો ઇશારો કરતા ગાડી રોકાય ગયેલી જેના ડ્રાઇવરને રોડની સાઇડે લેવડાવી ગાડીના ડ્રાઇવર ખુશાલ હસમુખભાઇ વસાણી ઉ.વ.૨૮ (રહે.ક્રાંતિનગર વિભાગ-૨ વટવા રોડ ઇસનપુર) ની હાજરીમાં ગાડી ચેક કરતાં ગાડીમાંથી જુદી જુદી બ્રાંડનો પરપ્રાંતનો ઇગ્લીશ દારૂ કુલ પેટી નંગ-૧૩ (બોટલ નંગ-૧૬૮) કી.રૂ.૮૩,૫૦૦/- મોબાઇલ ફોન કી.રૂ.૫૦૦/- તથા એક ડસ્ટન ગાડી કી,રૂ.૫,૦૦,૦૦૦/-એમ મળી કુલ્લે રૂ. ૫,૮૪,૦૦૦/- નો મુદામાલની સાથે વગર પાસ પરમીટે મળી આવી પકડાઇ જતાં આરોપીને કલાક-૨૧/૦૦ વાગે પકડી તેના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

(૨) વટવા પોલીસ સ્ટેશન પ્રોહી.ગુ.ર.નં.-૫૨૩૧/૧૭ ધી પ્રોહી એકટની કલમ-૬૫ઇ, ૧૧૬(બી), ૮૧ મુજબના કામે હકિકત એવી છે કે ગઇ કાલ તા.૧૮/૪/૧૭ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે અમો તથા સર્વેલન્સ સ્કવોર્ડના પો.કો દેવેન્દ્રસિંહ વેલુભા બ.નં-૨૩૧૫ તથા પો.કો ઉપેન્દ્રસિંહ દશરથસિંહ બ.નં-૨૦૭૩, પો.કો વિષ્ણુભાઇ બાબુભાઇ બ.નં-૨૫૫, પો.કો હિતેષભાઇ નાગજીભાઇ બ.નં-૦૪૬ તથા પો.કો વિનોદભાઇ સેંધાભાઇ બ.નં-૮૪૬૪ નાઓ એ રીતેના પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા બપોરના ૪/૦૦ વાગે નારોલ પો.ચોકી ખાતે પહોંચતા સાથેના પો.કો વિષ્ણુભાઇ બાબુભાઇ નાઓને બાતમી હકિક્ત મળેલ કે, તીર્થ-૧, શ્રીરામ રેસીડન્સી પાસે, કર્ણાવતી ચોક-૨ ની બાજુમાં નારોલ, વટવા, ખાતે રહેતો પુનમ ઉર્ફે ભાનુ તારાચંદ ગોયલના ઘરમાં કેટલોક ઇગ્લીંશ દારુનો જથ્થો તેના ઘરમાં રાખી મુકેલ છે જે મુજ્બની બાતમી હકીકતથી સાથેના પો.કોએ અમોને માહીતગાર કરતાં સદરી જગ્યાએ બે પંચોના માણસો સાથે જઇ રેઇડ કરતાં સદરીના મકાનમાંથી પરપ્રાંતિય વિદેશી દારુની બોટલ નંગ-૧૨ કિંમત રૂ.૬૦૦૦/- તથા હેવડર્સ ૫૦૦૦ શીલબંધ બિયર ટીન નંગ-૨૫ કિ.રુ.૨૫૦૦/- તથા એક ZIOX કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦/-મળી કુલ્લે કિ.રુ.૯,૦૦૦/-નો મુદ્દામાલ સાથે વગર પાસ પરમીટે મળી આવતાં તપાસ અર્થે કબજે કરી સદરી આરોપીને તા-૧૮/૪/૧૭ ના સાંજના ૫/૩૦ વાગે પકડી અટક કરી તેના વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)